SOUTH AFRICAN PUBLIC LIBRARY
28 DEC 1950

INDIAN OPINION

Founded by
·MAHATMA GANDHI·
·IN 1903·

No. 50—Vol. XLVIII  FRIDAY 22ND DECEMBER 1950.  Registered at the G.P.O. as a Newspaper. PRICE: SIX PENCE

# INDIA'S BELOVED SARDAR

## હીંદના લાડીલા સરદાર



Born 31st October, 1875.  THE LATE SARDAR VALLABHBHAI PATEL  Died 15th December, 1950.

સ્વર્ગસ્થ સરદાર વલ્લભભાઈ પટેલ

"I DESIRE to live a few years more in this world, although I am anxious to go to the place where Mahatma Gandhi, Kasturba and Mahadev Desai have gone. I am living in this world at their desire to complete the task which they have left unfulfilled."

Sardar Vallabhbhai Patel uttered these words at Sabarmati Ashram in Ahmedabad on the eve of his 75th birthday on October 31. And today he is no longer with us. Well has his desire been fulfilled, well has he accomplished his task. No individual victory in India's long political history is comparable to his achievement in consolidating India and bringing the whole land from Srinagar to Kanya Kumari under one flag.

"મારી ઇચ્છા તો જ્યાં મહાત્મા ગાંધીજી, કસ્તુરબા અને મહાદેવ દેસાઈ ગયા છે ત્યાં જવાની છે, છતાં થોડાંક વર્ષ આ દુનીયામાં હજુ રહેવા ઇચ્છું છું. તેઓની ઇચ્છાથીજ તેઓનું કાર્ય પૂરૂં કરવા હું જીવી રહ્યો છું."

આ ઉદ્ગારો સરદાર વલ્લભભાઇ પટેલે અક્ટોબર તા. ૩૧ મીના તેમની ૭૫મી વર્ષગાંઠની આગલી સાંજે સાબરમતી આશ્રમમાં કાઢ્યા હતા. અને આજે તો તેઓ આપણી વચ્ચેથી વીદાય થઇ ગયા છે. ખરેખર તેઓએ પોતાની ઇચ્છા પુર્ણ કરી છે; ખરેખર તેઓએ પોતાનું કાર્ય સિદ્ધ કર્યું છે. હીંદની લાંબી તવારીખમાં હીંદને સંગઠીત કરવાની અને શ્રીનગરથી કન્યા કુમારી સુધીના આખા દેશપર એક જ ઝંડો ફરકતો કરવાની તેમણે પ્રાપ્ત કરેલી સિદ્ધિ અજોડ છે.




*World Copyright Reserved Centropress Denmark*


## R. VITHAL

Bookkeeper, Writing up Sets of Books, Balance Sheets, Income Tax Returns. Apply:

306 Commissioner St.,
Jeppe, Johannesburg.



## NEW BOOKS

Just Arrived From India

Non-Violence In Peace And War (Part II)
—by M. K. Gandhi 12/6

Pilgrimage To Peace
—by Pyarelal 12/6

Stray Glimpses Of Bapu
—by Kaka Kalelkar 5/-

*To be had from:—*

**INDIAN OPINION,**
**Phoenix, Natal.**



## INDIA INDEPENDENCE NUMBER

Published as Special Number of INDIAN OPINION to commemorate the attainment of Freedom by India.

**Printed on art paper and profusely illustrated.**

With historic pictures connected with India's struggle for Freedom and with photos of the late Dadabhai Naoroji, Tilak, Gokhale, Subash Bose and many others who have sacrificed their lives in fighting for freedom and of Mahatma Gandhi, Pandit Jawaharlal Nehru and many others who have lived to see the fruits of their labour.

Also containing a brief Survey of the work of the Indian National Congress from the time of its inception.

**Price 2/-**



## જોઇએ છે

સઘળા હીંદી પત્રોના કમીશન લઇ લવાજમો ઉઘરાવનારા એજન્ટો તરીકે કામ કરવા યુવાનો અને યુવતીઓ. વધુ વિગતો અને ભાવોનાં લીસ્ટો માટે શી. ૨ ના બ્રીટીશ પોસ્ટલ ઓર્ડર સાથે લખો :

**Excelsior Subscription Service**
**9 Cantonement,**
**Ahmedabad 3**
**INDIA.**



## નવાં વેચવાના પુસ્તકો

| | શી. | પે. |
|---|---|---|
| સમરાંગણ | ૧ | ૩ |
| ઋણાનું બંધ | ૬ | ૦ |
| મધુપ | ૭ | |
| વિજ્ઞાનીક જગત | ૫ | ૩ |
| ગુપ્તધન (ટાગોર કૃત નોવેલ) | ૬ | ૦ |
| ચિત્રલેખા | ૮ | ૦ |
| ચાંદ મુખી | ૭ | ૦ |
| જગતનો તાત (અરધે ભાવે) | ૨ | ૬ |
| ઉધાચરમા | ૬ | ૬ |
| પંડીતજીની હાસ્ય પ્રભા | ૭ | ૬ |
| ધરતીને માથાળે | ૬ | ૦ |
| વિરાટનો ઝબ્બો | ૩ | ૦ |
| ગાંધીજીની સંક્ષિપ્ત આત્મ કથા | ૨ | ૬ |
| પાયાની કેળવણી (ગાંધીજી) | ૩ | ૦ |
| જીવતા તહેવારો કાકાસાહેબ | ૪ | ૬ |
| મોટો જોડણી કોષ | ૧૨ | ૦ |



## ગુજરાતી પ્રેસના નવા વરસનાં પંચાંગ ભાવ પોસ્ટેજ સાથે શી. ૫. ઇન્ડિઅન ઓપીનીઅન ની ઓફીસેથી તુરત મંગાવો.



## આ મેલમાં આવેલાં નવાં પુસ્તકો

| | | |
|---|---|---|
| મારી જીવન કથા રાજેન્દ્ર પ્રસાદ | ૧૦ | ૦ |
| દક્ષિણ આફ્રીકાના સત્યાગ્રહનો ઇતીહાસ | ૭ | ૬ |
| મારી જીવન કથા જવાહરલાલજી | ૧૫ | ૦ |
| માહાદેવ દેશાઇની ડાયરી ભાગ પહેલો | ૧૦ | ૦ |
| „ બીજો | ૧૨ | ૦ |
| „ ત્રીજો | ૧૧ | ૬ |
| „ ચોથો | ૮ | ૯ |
| માહાદેવ દેશાઇનું પુર્વચરીત્ર | ૨ | ૩ |
| સરદારના ભાષણોનો સંગ્રહ | ૧૨ | ૦ |
| કેળવણીનો વીકાસ કી. ધ. મ. | ૩ | ૦ |

# ઇન્ડિયન ઓપિનિયન

મહાત્મા ગાંધીજીના હસ્તે સને ૧૯૦૩માં સ્થપાયું.

પુસ્તક ૪૮ મું—અંક ૫૦ | શુક્રવાર તા. ૨૨ ડીસેમ્બર, ૧૯૫૦. | છુટક નકલ પેની.૬


## "ઇન્ડિયન ઓપિનિયન"

શુક્રવાર તા. ૨૨ ડીસેમ્બર, ૧૯૫૦

## ખરી પડેલો ચમકતો તારો

સરદાર વલ્લભભાઇ પટેલના ગયા શુક્રવાર ડીસેમ્બર તા. ૧૫ મીના થએલાં અવસાનથી હીંદની પ્રગતી ને બીજો એક જબરદસ્ત ફટકો લાગ્યો છે. મહાત્મા ગાંધીની ખોટથી થએલા જબરા આઘાતમાંથી હીંદની પ્રજા હજુ માંડ્યેજ ઉભી થઇ શકી છે. હજુ તો કેમ જાણે ગાંધીજી હમણાંજ ચાલ્યા ગયા હોય એવું લાગે છે અને તેટલામાં તો સરદાર, જેઓ તેમની ખોટ સુંદર રીતે પુરી રહ્યા હતા અને પ્રેમપુર્વક દેશનાં અશ્રુ લુછી રહ્યા હતા, તેમને પણ ઇશ્વરે છીનવી લીધા. સરદાર પોતાના દેશને ખાતર અનુપમ ભોગો આપી અને સેવાઓ કરી વિશ્રાંતિ લેવા સંચર્યા છે. આધુનિક ઇતિહાસથી જેઓ વાકેફ છે તેઓ સારી રીતે જાણે છે કે છેલ્લા પાંત્રીસ વર્ષથી સરદારે દેશની અથાગ સેવાઓ બજાવી છે, ધીરજ, હીંમત, દ્રઢતા, ગમે તેવી પરીસ્થિતિમાં મગજનું સમતોલપણું. તીક્ષ્ણ બુદ્ધિ, સ્પષ્ટવકતૃત્વ, ગંભીરતા અને છતાં અતિ રમુજી સ્વભાવ, કે જેણે ગાંધીજીને અનેકવાર પેટ દુઃખે ત્યાં સુધી હસાવ્યા હતા, એ સઘળા અને બીજા અનેક સરદાર વલ્લભભાઇ પટેલના અગણ્ય ગુણો હતા. ગાંધીજીના તેઓ એક સૌથી બાહોશ સરદાર હતા. તેમની પ્રથમ મહાન સિદ્ધિઓ ખેડા અને બારડોલીમાં થઇ હતી, જ્યાં જાતે ખેડુત વર્ગના હોઇ, તેઓએ, સરકાર તરફથી ખેડુતોપર અમાનુષી જમીન મહેસુલ નાખી તેઓની કાયમની કંગાલ દશા કરી મુકવામાં આવી હતી, તેની સામે અહિંસક મુક્તિસંગ્રામ કરી તેમાં વિજય પ્રાપ્ત કર્યો હતો. તેમની વાણીમાં મુડદાંને પણ જાગૃત કરી દે તેટલું તેજ હતું. આખા ગુજરાતે તેમને વીર તરીકે વધાવી લીધા હતા અને સરદારનો પ્રેમભર્યો ઇલ્કાબ આપ્યો હતો. ત્યારથી મરણાંત પર્યંત તેઓ સરદાર તરીકે જ ઓળખાતા હતા. અમદાવાદની મ્યુનીસીપાલીટીના પ્રમુખ તરીકે તેમણે પોતાની અજબ વહીવટશક્તિ બતાવી આપી હતી. શહેરમાં તેમણે એટલા સુધારા કર્યા હતા કે બ્રીટીશ રાજ્યમાં જે એક નરક સમાન હતું તે માનવવાસવાટને લાયક શહેર બની ગયું હતું. સરકાર સામે જ્યારે જ્યારે ઝુંબેશ ઉઠાવવાનો પ્રસંગ આવેલો ત્યારે એ કાર્ય સફળતાથી પાર પાડવા ગાંધીજી સરદાર પર પુર્ણ વિશ્વાસ રાખતા હતા. તેમની ખ્યાતી દેશના ખુણે ખુણામાં પ્રસરી ગઇ હતી અને અખિલ ભારતીય નેતા તરીકેનું અને ગાંધીજીના જમણા હાથ તરીકેનું સ્થાન ભોગવી રહ્યા હતા. કેટલોક વખત જેલમાં પણ ગાંધીજી સાથે ગાળવાનો તેમને પ્રસંગ આવ્યો હતો જેથી ગાંધીજીના જીવન માર્ગનો વધારે ઉંડો અભ્યાસ કરવાની તેમને તક મળી હતી. ગાંધીજી પ્રત્યેના તેમના આદરમાં વધારો થવાનું કારણ બીજા કશાના કરતાં એ વધારે હતું.

ત્યાર બાદ ૧૯૪૨ માં કસોટીનો ખરેખરો વખત આવ્યો, જ્યારે આખા દેશમાં ત્રાસ પ્રવર્તન ચાલ્યું અને એકે એક દેશ નેતાને વગર તપાસે કેદખાનામાં પુરી દેવામાં આવ્યા. સરદાર વલ્લભભાઇ પટેલની દ્રઢતા જેવીને તેવી જ રહી. વય તેમજ અતિ સખ્ત જીવન ગાળવું પડેલું હોઇ તેમની તંદુરસ્તીપર માઠી અસર થઇ અને તેમની જીવન દોરી ટુંકી થઇ. પરંતુ કેવા લોખંડી તેઓ હતા તેની પરિક્ષા હજુ થવાની બાકી હતી. તેમાં પણ તેઓ એવા પાર ઉતર્યા કે મહાન બ્રીટીશ સલ્તનતના બડવીરો તાજુબી થયા વિના નહિ રહ્યા હોય. ૧૯૪૭ માં બ્રીટીશ સરકારે છેવટે હીંદ છોડી જવાનો ઠરાવ કર્યો. પરંતુ છોડતાં પહેલાં તેણે હીંદને બની શકયું તેટલું નુકસાન કર્યું અને તેના ભુક્કા ઉડી જાય તેમ કરવાને માત્ર નીચે દારૂ મુકવાનોજ બાકી રાખ્યો હતો. "બ્રીટીશ સલ્તનતના સઘળા ખેરખાંઓ એવી ખાત્રી રાખી રહ્યા હતા કે છ મહિનાની અંદર હીંદ બ્રીટીશ સરકારને રાજ પાછું સોંપવાને પગે પડતું આવશે. બસો વર્ષની પોતાની કારકીર્દી દરમીયાન બ્રીટીશ સરકારે હીંદને છિન્નભિન્ન કરી નાખ્યું હતું. એજ કારણથી હીંદના બ્રીટીશ હીંદ અને ચારસો દેશી રાજ્યોમાં ભાગલા પાડવામાં આવ્યા હતા, અને દેશી રજવાડાઓને બ્રીટીશને જ વફાદાર રહેવાનું હતું. એજ કારણથી હીંદુ મુસ્લીમ વચ્ચે કોમી ભાગલા અને જાતી અને ન્યાતી ભેદોને પોષવામાં આવી રહ્યા હતા. અને કેમ જાણે એટલું હજુ બસ ન હોય એટલે બ્રીટીશ સરકાર જતાં જતાં છેલ્લો ઘા મારી હીંદના પણ, હીંદ અને પાકીસ્તાન, એવા બે ટુકડા પાડી એક બીજાને લડતા મુકી ગઇ હતી. આ છિન્નભિન્ન થએલાં હીંદને ફરી એકત્ર કરવાના ભીષણ કાર્યે મહાત્મા ગાંધીજીનો જાન લીધો.

એજ વખત હતો જ્યારે સરદાર પુર્ણ યશસ્વી રીતે ઝળકી રહ્યા. જે વખતે જવાહરલાલજી જેવા પરાક્રમી સહીત સઘળા નેતાઓ આ કારી ઘાથી ઢીલા પડી ગયા ત્યારે સરદાર પટેલ એકલાજ પર્વતની દ્રઢતાથી ઉભા રહ્યા. અને તેમનું હૈયું લોહીના અશ્રુ ઢાળી રહ્યું હોવા છતાં પોતાની આંખમાંથી એક પણ અશ્રુનું ટીપું પડવા નહિ દેતાં સઘળાનાં હૃદયે તે શાંત પાડયાં. અને પછી હીંદનો નાશ કરવાની સઘળી બાજીઓ એક પછી એક પોતાની અજબ કુનેહથી તેઓ તોડતા ગયા અને સઘળા રજવાડાઓને હીંદ સાથે જોડાઇ જવાનું સમજાવવામાં અનુપમ વિજય પ્રાપ્ત કર્યો. આજે સઘળા રજવાડાઓ હીંદ સાથે જોડાઇ જઇ બ્રીટીશ રાજ્યની તવારીખમાં કદી નહિ હતો તેવો હીંદ એક સંયુક્ત દેશ બની ગયો છે જેનું સંપુર્ણ માન સરદારનેજ જાય છે. નાયબ વડા પ્રધાન તરીકે સરદાર પટેલની સમક્ષ એટલું મહદ્ કાર્ય આવી પડયું હતું કે જેના બોજ હેઠળ ગમે તેવો વીર પુરૂષ પણ હીંમત હારી જાય. કેમકે ચારે તરફથી કામ કરી રહેલાં અનિષ્ટ બળોની સામે ચાળીસ કરોડની પ્રજાના અતિ વીશાળ દેશની અંદરનો કારભાર સંભાળવો એ જેવી તેવી વાત નહોતી. એક તરફથી મુડીવાદીઓ, બીજી તરફથી સામ્યવાદીઓ અને સમાજવાદીઓ, વળી લઘુમતીઓ, મજુર વર્ગો, મધ્યમ વર્ગો એ સઘળા જ પોતાના અંગત સ્વાર્થો જોઇ રહ્યા છે. ગાંધીજીના ગયા બાદ સરદાર એક જ હતા કે જેઓ સઘળાં તત્વોને અને ખાસ કરી મુડીવાદીઓ, જેઓ આજે દુનીયા ભરમાં બહુ અણમાનીતા થઇ પડયા છે, તેઓને એક સાથે રાખી શકયા હતા. તેઓને સરદારની મોટી ખોટ જણાશે કેમકે હવે તેઓની આળ પંપાળ કરનારૂં કોઇ રહ્યું નથી. સૌથી વીશેષ ખોટ તો જવાહરલાલજીને જણાશે કેમકે પરદેશ સાથેનો વ્યવહાર, જે હીંદની આખી તવારીખમાં હાલ તેમનું સૌથી વધારે ધ્યાન રોકી રહ્યો છે, તેવે વખતે દેશનો આંતરવ્યવહાર સરદારના હાથમાં સહિસલામત હોવાનો તેમને સંપુર્ણ વિશ્વાસ હતો. સરદાર પટેલની ખાલી પડેલી જગ્યા લાયકપણે પુરાવી મુશ્કેલ બલકે અશકય થઇ પડશે.

અંતમાં સરદારના પુત્ર અને પુત્રી—શ્રી. ડાહ્યાભાઇને તેમજ શ્રીમતી મણીબેનને થએલી મહાન અંગત ખોટની અહિં નોંધ લેવી જ જોઇએ. શ્રીમતી મણીબેન પોતાના પિતાશ્રીની એકનિષ્ઠાથી સેવા કરી રહ્યાં હતાં અને સાથે સાથે તેમના ખાનગી મંત્રી તરીકેની પણ જવાબદારી બાહોશીથી ઉઠાવી રહ્યાં હતાં. એ બન્ને ભાઇ બહેન એટલું આશ્વાસન લઇ શકશે કે તેઓના શોકમાં આખો દેશ તેઓની સાથે શામેલ થાય છે. એ વીદાય થએલા મહાન આત્માને સારામાં સારી અંજલી એજ ગણાય જો આપણે તેમના સઘળા સદ્ગુણો ગ્રહણ કરવાનો અને તેમનું કાર્ય આગળ ધપાવવાને લાયક બનવાનો પ્રમાણીક પ્રયત્ન કરીએ. તેમ કરવાની ઇશ્વર આપણને સદ્બુદ્ધિ, શક્તિ અને હીંમત આપે એજ અમારી નમ્ર પ્રાર્થના છે. સદ્ગત મહાન આત્માને ઇશ્વર ચિરશાંતી બક્ષે.

## ક્રીસ્ટમસ

દીવાળીનો દિવસ જેમ હીંદુઓને માટે છે, તેમ ક્રીસ્ટમસનો દિવસ ખ્રીસ્તીઓને માટે અતિ આનંદ અને ઉલ્લાસનો છે. એ દિવસે જગતના તારણહાર ઇશુખ્રિસ્તનો જન્મ થયો હતો. આજે ઇશુખ્રીસ્ત જગતમાંથી અલોપ થઇ ગયા છે. કેમકે જગતમાં પાપો વધી ગયાં છે. જ્યાં માનવી માનવી પ્રત્યે અને ઇશ્વર પ્રત્યે પાપ કરતો હોય ત્યાં ઇશ્વરનો વાસ કયાંથીજ હોય. આપણે ઇશુખ્રિસ્તને નસાડી મુકયા છે અને દાનવને નીમંત્ર્યો છે, જે આપણે સઘળા પાપીઓનો સંહાર કરી નાખશે. જગતની આજની સ્થિતિ એવી છે. ઇશ્વરનો ડર રાખવાને બદલે અને તેના આદેશોને અનુસરવાને બદલે આપણે તેને ભુલી ગયા છીએ અને માનવીનો ડર રાખીએ

છીએ અને માનવીના આદર્શોને અનુસરવા લાગ્યા છીએ. આવતો ક્રીસ્ટમસનો તહેવાર પરંપરાથી ચાલતી આવેલી એક પ્રથા તરીકે ઉજવવામાં આવશે નહિ કે તેની અંદરની ખરી ભાવનાથી. તેમ કરવાને આપણે આપણા સઘળા પાપોનું પ્રાયશ્ચિત્ત કરવું જોઇએ અને આપણું જીવન ખ્રીસ્તી ભાવનામય હોવું જોઇએ. એટલે આ શુભ પ્રસંગે અમારા સઘળા ખ્રીસ્તી વાચકોને શુભેચ્છાઓ પાઠવવા સાથે હાર્દીક પ્રાર્થના કરીએ છીએ કે ઇશ્વર આપણને સદ્બુદ્ધિ અને શકિત આપે અને ચોમેર છવાઇ રહેલા ઘોર અંધકારમાં તેનો પ્રેમળ જ્યોતિ રાખવી આપણો જીવન પંથ ઉજાળે.

## ડરબનમાં શોક સભાઓ

શુક્રવાર તા. ૧૫ મીના સવારના સરદાર વલ્લભભાઇ પટેલના અવસાનના ખબર મળ્યા.

સાંજના પાંચ વાગે ગાંધી લાયબ્રેરીમાં એક શોક સભા ભરાઇ હતી. રેવ. ચુનુએ પ્રમુખસ્થાનેથી સરદારની કારકીર્દીનો હેવાલ રજુ કર્યો હતો અને તેમના અવસાનથી ભારતને થએલી ખોટનો ઉલ્લેખ કર્યો હતો. બીજા વકતાઓમાં મી. પી. આર. પથ્થર, અશ્વીન ચૌધરી, સોરાબજી રૂસ્તમજી, એ. એચ. કાઝી, શ્રી. સત્યદેવ, મણીલાલ ગાંધી અને ડૉ. એન. પી દેશાઇ વિગેરે હતા.

બીજી સંયુકત સભા, કાઠીયાવાડ હીંદુ સેવા સમાજ, સુરત હીંદુ એસોસીએશન અને ગુજરાતી હીંદુ મહીલા મંડળ એ ત્રણ સંસ્થાના આશ્રયે બ્રોન સ્ટ્રીટના ગાંધી હોલમાં સાંજના સાડા સાતે શ્રી. નાથાલાલ દેવશી, તથા શ્રી ગોવન મણીના પ્રમુખપદે મળી હતી.

ડૉ. એન. પી. દેશાઇએ ભાષણમાં જણાવ્યું કે, "સરદારના મરણથી આપણે બધા શોક સાગરમાં ડુબી ગયા છીએ. ભારતને તેમની ખોટ ન પુરાય એવી થઇ છે" અંતમાં ડૉ. દેશાઇએ કહ્યું: "સરદાર છેલ્લા અક્ટોબરમાં ગુજરાત યુનીવરસીર્ટીનું ઉદ્ઘાટન કરવા અમદાવાદ ગયા હતા ત્યારે તેમણે જણાવ્યું હતું કે આ સમગ્ર ગુજરાતની યુનીવરસીર્ટી થઇ નથી. કચ્છ સૌરાષ્ટ્ર હજી અલગ છે. પણ મારી આશા છે કે મહાગુજરાત એક થાય અને તેની એક યુનીવરસીટી હોય આપણે અહીં પણ એમની એ ઇચ્છા પુર્ણ કરવાનો પ્રયાસ કરવો જોઇએ. ઇશ્વર એમના આત્માને શાંતી આપો.'

સુરત હીંદુ એસોસીએશનના પ્રમુખ તરીકે શ્રી. ગોવન મણીએ પણ તેમના અનેક ત્યાગોના વખાણ કર્યાં બાદ શ્રી. નરદેવ વેદાલંકારે સરદારની સેવાઓની કદર કરતાં સરદારને ભારતના અખંડ જાગૃત ચોકીદાર વર્ણવ્યા હતા. તેમણે વધુમાં કહ્યું "બાર દીવસ પહેલાં જ શ્રી. અરવીંદના મરણથી ભારતને અને આપણને આધ્યાત્મીક ક્ષેત્રમાં મોટી ખોટ ગઇ છે. હજી તે ઘા રૂઝાયો નથી ત્યાં આપણા સરદાર ચાલ્યા ગયા."

ગુજરાતી હીંદુ મહીલા મંડળના પ્રમુખ તરીકે સૌ. દીવાળીબેન ઠાકરે અંજલી આપતાં જણાવ્યું કે, મહાભારતમાં જે રીતે ભીષ્મપિતામહે અને દ્રોણે અર્જુનને સાથ આપ્યો હતો અને પછી અર્જુનને એકલો મુકી એક પછી એક બન્નેએ દેહ છોડયો હતો, તેમ ભીષ્મપિતામહની શાંતીથી ગાંધીજી ચાલ્યા ગયા અને હવે દ્રોણની જેમ આપણા સરદાર ગયા અને અર્જુનની જેમ જવાહરલાલજી એકલા સાથી વગરના રહી ગયા છે. આપણે બધાએ સરદારના જીવનમાંથી ઘણું શીખવાનું છે અને જવાહરલાલજીને મદદ કરવાની છે."

ત્યાર પછી મી. પી આર પથ્થર, સોરાબજી રૂસ્તમજી, અશ્વીન ચૌધરી બધાએ સરદારની સેવાની તારીફ કરી હતી. શ્રી. ચૌધરીએ મીત્ર તરીકે જણાવ્યું હતું કે "આપણે આજે દુકાનો બંધ ન કરી શકયા પણ સરદારની સેવાઓની કદર તરીકે આપણે અહીના ગરીબોને નાણા મદદ કરી શાળાઓ, હોસ્પીટલો વીગેરે જેની ઘણી જરૂર છે, તે કરી શકીએ."

ત્યાર બાદ એક શોકપુર્ણ અંતકાળનું ભજન સુરત આર્ય સંગીત મંડળના સભ્યોએ ગાયું હતું.

શ્રી. મણીલાલ ગાંધીએ જણાવ્યું કે, પિતાની ખોટ પુત્રને જણાય તેવી ખોટ આજે સ્વર્ગસ્થના પુત્ર શ્રી. ડાહ્યાભાઇ તથા તેમના પુત્રી શ્રીમતી મણીબેનને તો જણાઇ રહી જ હશે પરંતુ તેવીજ ખોટ આખા હીંદને જણાઇ રહી છે. આપણને જો તેમના તરફ ખરેખર પુજ્યભાવ હોય અને તેઓની સેવાની ખરી કદર હોય તો તેમના અવસાનના ખબર સાંભળતાંજ આપણા મ્હોંમાં કોળીયો અન્ન ન જઇ શકે અને વેપાર તો બંધ રાખીએ જ. પણ તેને બદલે આજે આપણે દુકાનો બંધ રાખવા પુરતો પણ ત્યાગ કરી નથી શકયા. આ આપણી દુર્દશા સુચવે છે. મૃત આત્માને શાંતી ઇચ્છવાની આપણામાં એક પ્રથા છે. પરંતુ આવા મહાન આત્માને શાંતી ઇચ્છનારા આપણા જેવા પામર લોકો કોણ? એ મહાન આત્માને જો આપણે ખરીજ શાંતી ઇચ્છતા હોઇએ, ખરી અંજલી આપવા ઇચ્છતા હોઇએ તો તેમના ગુણો ગ્રહણ કરવાનો અને તેમને પગલે ચાલવાનો યત્કિંચીત પણ પ્રયત્ન કરવો જોઇએ. તોજ તેમના આત્માને ખરી શાંતી મળશે. બાકી તો તેમના આત્માને આપણે ઇચ્છીએ યા નહિ તો પણ તેમના અનુપમ સેવાકાર્યને લીધે શાંતી મળીજ ચુકી છે. આપણે તો આપણી પોતાની દુર્દશાનું રડવાનું છે અને ઇશ્વર પ્રત્યે પ્રાર્થના કરવાની છે કે તે આપણને સદ્બુદ્ધિ અને શકિત આપે કે જેથી આપણે એ મહાન નેતાઓના અને હીંદના નામને કલંક ન લગાડીએ.

શ્રી. હરીભાઇ નાથા નારણે સરદારની સેવાઓની તારીફ કરી જણાવ્યું કે "શોક સભાઓ ભરવાનો રીવાજ ચાલ્યો આવેલો છે અને ચાલતો રહેશે. માણુસ જન્મે છે અને મરે છે. એ દીવસ આપણને દુઃખ લાગે છે. ફરી આપણે આપણા કાર્યમાં પ્રવૃત્ત થઇએ છીએ. દુઃખ પ્રદર્શીત કરવા કોઇ દુકાનો બંધ કરે કોઇ ઉઘાડી રાખે. આપણે બધા એમના જેવા કયાંથી થઇ શકીએ? બધા મહાન થાય તો પછી મહાનતાની મહત્તા કેવી રીતે રહે. જવાહરલાલજી ને મદદ કરવાની વાત એટલે એક સીંહને ઉંદરે મદદ કરવાની વાત જેવી છે. માણસે પોતાના ક્ષેત્રમાંજ રહી આગળ વધવાનો પ્રયત્ન કરવો જોઇએ."

શ્રી. નીતમલાલ મહેતાએ સભાના મંત્રી તરીકે અંજલી આપતાં જણાવ્યું કે "હું પ્રાર્થના કરૂં છું કે ઇશ્વર તેમના આત્માને શાંતી આપો અને આપણને એમની જેમ જીવન ગાળવાની અને દેશની સેવા કરવાની શકતી આપો."

શોક ઠરાવ વાંચતાં પહેલાં ડૉ. દેશાઇએ કહ્યું કે, શ્રી. ચૌધરીએ સરદારનું સ્મારક ઉભુ કરવા કહ્યું તે વાત ગમે ગમી છે. પણ આ પહેલાં બે મહાન આત્માઓ ગત થતાં તેમના નામનાં ફંડ થયાં હતાં તેમાનું એક બેંકમાં જમા પડયું છે અને બીજાનું શું થયું તે હું જાણતો નથી. આપણા લોકો તો ભોળા છે છુટે હાથે પૈસા આપે છે. પણ આવી રીતે નાણાનો ઉપયોગ થાય તો આપવાની ઇચ્છા ન રહે."

અંતમાં શોક ઠરાવ વાંચાયો હતો અને શાંતી પાઠ કરી સભા વિસર્જન થઇ હતી.

### જોહાનીસબર્ગમાં શોક સભા

જોહાનીસબર્ગમાં હીંદુઓએ પોતાની દુકાનો બંધ રાખી હતી. ટ્રાંસવાલ હીંદુ સેવા સમાજ તરફથી શ્રી. ઝીણાભાઇ પારેખના પ્રમુખપણા નીચે શોક સભા મળી હતી. જે વખતે જુદા જુદા વકતાઓ તરફથી સ્વર્ગસ્થને અંજલીઓ આપવામાં આવી હતી.

## 'ઇન્ડિઅન ઓપિનિઅન'ના ગ્રાહકોને

'ઇન્ડિઅન ઓપિનિઅન'ના ગ્રાહકોને આથી જણાવવાની રજા લઇએ છીએ કે આ પત્રનું વાર્ષીક લવાજમ હવેથી શી. ૩૦ કરવામાં આવ્યું છે અને છુટક નકલની પેની ૬ રાખવામાં આવી છે. આમ કરવાની અમને ના છુટકે ફરજ પડી છે. કાગળોનો ભાવ તેમજ છપામણીનો ભાવ દિન પરદિન વધવા લાગ્યો છે. જે કાગળનો ભાવ રીમની શી. ૧૨ હતો તે આજે શી. ૨૫ ની નજીક થઇ ગયો છે. છાપખાનામાં કામ કરનારાઓના પગારો પણ એજ પ્રમાણે ત્રણથી ચાર ગણા વધી ગયા છે. એમ હોવા છતાં ઘણી નકલો યુરોપીયન હિતચીંતકોને યુરોપ અમેરીકા આપણા સવાલનાજ હિતમાં મફત મોકલવી પડે છે. આ પત્રની કીંમત આપણે અહિં વાંચીએ તે કરતાં વિશેષ બહાર આપણા સવાલનો પ્રચાર થાય તે છે. અમે દિલગીર છીએ કે અમારી પાસે સ્ટાફ ઘણો ન્હાનો હોવાથી અને ગુજરાતી વિભાગમાં કામ કરનારાઓ મળી શકતા નહિ હોવાથી અમારાથી પાના વધારી શકાતા નથી. તેમ છતાં "હીંદનો પત્ર" તેમજ બીજી વસ્તુઓ વાચકોના રસને માટે અમે દાખલ કરી છે જેનો ખર્ચ પણ મોટો છે. આથી અમે આશા રાખીએ છીએ કે ગ્રાહકો અને હિત ચીંતકો વધારેલું લવાજમ વગર સંકોચે આપી અમારૂં કાર્ય સરળ કરશે.

સાથે સાથે એક વસ્તુ એ પણ જણાવવાની રજા લઇએ છીએ કે મોટા ભાગના ગ્રાહકો હજુ પોતાનું ચઢેલું લવાજમ કાર્ડ મળે કે તુરત મોકલી આપતા નથી અને ઉઘરાવનાર આંગણે આવે નહિ ત્યાં સુધી એ બાબતમાં બેપરવા રહે છે. વેપારી બુદ્ધિના ભાઇઓને તો એથી કેટલો ખર્ચ વધી પડે છે અને કેટલા વખતની બરબાદી થાય છે એ સહેલાઇથી સમજાવું જોઇએ. શી. ૩૦ નો પોસ્ટલ ઓર્ડર કે ચેક મોકલી આપવી એ કંઇ ભારે વાત નથી અને એથી અમારો કેટલો વખત બચે અને નાણા ભીડથી મુકત રહી છાપા અંગેના તેમજ આપણા સવાલ અંગેના અગત્યના કાર્યોને નિશ્ચિંતતાથી ધ્યાન આપી શકાય. ગ્રાહકો તેમજ હિતચીંતકોને આ બાબત ધ્યાન પર લેવા અમે નમ્ર વીનંતી કરીએ છીએ.

વ્યવસ્થાપક ઇ. ઓ.

# સરદાર વલ્લભભાઈ પટેલની ટુંક જીવન રેખા

વલ્લભભાઇનો જન્મ ૧૮૭૫ના અકટોબરની તા. ૩૧મીએ અમદાવાદ શહેરની પાસે આવેલા નડીઆદ તાલુકાના કરમસદ ગામમાં થયો હતો. તેમના પિતા ઝવેરભાઈ પટેલ ઘણા જબ્બર દરત માણુસ હતા. ૧૮૫૭ના બળવામાં તે સરકાર સામે લડયા હતા અને મલ્હારરાવ હોલકરે તેમને પરદેજ કર્યો હતા. ઝવેરભાઇને પાંચ દીકરા અને એક દીકરી હતી. વલ્લભભાઇ ચોથા હતા અને તેમનાથી વડા વીઠલભાઇ હતા, જેમણે ધારાસભાના પ્રમુખ હતા ત્યારે નોકરશાહીનો પાયો હચમચાવી નાખ્યો હતો.

વલ્લભભાઇને પ્રાથમીક શિક્ષણ પોતાના ગામમાંજ અપાયું હતું અને ઉચ્ચ શિક્ષણ માટે નડીઆદ ગયા હતા.

પોતાના જમાનાના હુશીયાર યુવાનોની જેમ અને પોતાના ભાઇ વીઠલભાઇને પગલે ચાલી તેમણે કાયદાનો અભ્યાસ કર્યો. ન્હાની વયમાંજ પ્લીડરની પરિક્ષા પાસ કરી પ્રથમ ગોધરામાં અને પાછળથી વીઠલભાઇ સાથે બોરસદમાં વકીલાત શરૂ કરી.

વલ્લભભાઈના લગ્ન ન્હાની વયે નજીકના ગામમાંથી આવેલાં શ્રીમતી ઝવેરબા સાથે થયાં હતાં. ૧૯૦૮માં તે ગુજરી જવાથી વલ્લભભાઇને જબરો આઘાત થયો હતો. તેમનાથી તેમને એક પુત્ર અને એક પુત્રી થયાં હતાં—શ્રી. ડાહ્યાભાઇ, જે મુંબઈના એક જાણીતા વેપારી છે, અને શ્રીમતી મણીબેન, જેમને પોતાના પિતાની સેવામાં પોતાનું આખું જીવન અર્પણ કરી દેનાર તરીકે આખું હીંદ ઓળખે છે.

## વકીલાતમાં સફળતા

વકીલાતના ધંધામાં વલ્લભભાઇ ઝડપથી સફળ થવા લાગ્યા અને વધારે આગળ અભ્યાસ કરવા ઈંગ્લાંડ ગયા જ્યાં મીડલટેમ્પલમાં અભ્યાસ કરી બારીસ્ટર બન્યા. ત્યાં પહેલે નંબરે પાસ થવા ઉપરાંત તેમણે ખાસ ઈનામ પણ મેળવ્યું. ૧૯૧૩ના ફેબ્રુઆરીમાં હીંદ પાછા ફરી અમદાવાદની સનદમાં જોડાયા જ્યાં, ૧૯૧૬ સુધી પોતાનો આખો વખત ધારાશાસ્ત્રી તરીકે, ખાસ કરી ફોજદારી કેસોમાં, મોટી પ્રેકટીસ જમાવી. વીલાયતથી આવી તેઓ પુરા વીલાયતી બની ગયા હતા. વીલાયતી છેલ્લી ઢબના સુટ અને વાંકડી ફેલ્ટ હેટ પહેરતા.

એ વખતે પોતે બેપરવાઇ ભર્યું જીવન ગાળતા હતા. ઘણો ખરો વખત અમદાવાદની કલબમાં જઇ બ્રીજ ખેલતા.

## ગાંધીજી સાથેનો સંબંધ

તેટલામાં એક દીવસ આવી લાગ્યો કે જ્યારે તેમનો જીવન પલટો થઇ ગયો. ૧૯૧૬ની એ સાલ હતી અને અમદાવાદના મજુરોની ફરિયાદોનો પ્રસંગ હતો, જ્યારે તેઓ ગાંધીજીના સંબંધમાં આવી પડયા. ખેડા જીલ્લામાં ખેડુતોમાં ખળભળાટ થયો ત્યારે તેઓ ગાંધીજીના વધારે નીકટ સંબંધમાં આવ્યા. દુનીયાદારી વસ્તુઓપરથી તેમનું ધ્યાન ઉઠવા લાગ્યું અને જીવનને જુદી દ્રષ્ટિથી નીહાળવા લાગ્યા.

પાક નીષ્ફળ જવાથી મહેસુલ મોકુફ રાખવા બાબત ખેડા જીલ્લાના પાટીદારોને સત્યાગ્રહ કરવાનું કહેવામાં આવ્યું ત્યારે વલ્લભભાઇ ગાંધીજીના મુખ્ય સાથી હતા. ખેડાનો સત્યાગ્રહ ગુજરાતમાં નવી જાગૃતીની શરૂઆત કરનારો હતો. ગાંધીજીએ પોતાની આત્મકથામાં લખેલું છે કે "તેની સાથેનો વલ્લભભાઇનો સંબંધ એ નજીવી સિદ્ધિ ન ગણાય. લડતમાં જોડાઇને તેમને એક ધીકતો ધંધો છોડવો પડયો હતો."

ત્યાર બાદ ટુંક મુદતમાંજ રોલેટ રીપોર્ટ બહાર પડયો અને તેની ભલામણોથી અસ્વસ્થ બની ગાંધીજી અમદાવાદ ગયા અને પોતાની ચીંતા વલ્લભભાઇને જણાવી. એ વખતે વલ્લભભાઇ લગભગ રોજ ગાંધીજીને મળતા હતા. સત્યાગ્રહ આશ્રમમાં એક પરિષદ ભરાઇ. સત્યાગ્રહની પ્રતિજ્ઞા ઘડાઈ અને હાજર થએલા સૌએ તે પર સહી કરી. સહી કરનારા ભડવીરોમાંના એક વલ્લભભાઇ હતા.

ફરી ૧૯૨૦ના સપટેમ્બરમાં અસહકારનો ઠરાવ કલકત્તાની ખાસ કોંગ્રેસ સમક્ષ ચર્ચાને માટે આવે તે પહેલાં ગુજરાત રાજકીય પરિષદમાંથી તેને પસાર ઠરાવવામાં પણ વલ્લભભાઇનું વ્યકિતત્વ ગાંધીજીને મદદગાર થઈ પડયું.

૧૯૨૨ અને ૧૯૨૩માં બોરસદના સત્યાગ્રહ વખતે જ્યારે અમુક ગુનાઓના કારણે સજા તરીકે આખા ગામપર ભારે કર નાખી પ્રજાને રંજાડવામાં આવી રહી હતી ત્યારે, અને રાષ્ટ્રધ્વજ લઇ સરઘસો કાઢવાની પોલીસની મનાઈ સામે નાગપુરમાં થએલા સત્યાગ્રહ વખતે વલ્લભભાઈએ આગળ પડતો ભાગ ભજવ્યો હતો. લડતની સરદારી તેમણે લીધી હતી અને તેનો વીજય પણ તેમને જ આભારી હતો.

૧૯૨૪માં વલ્લભભાઇ અમદાવાદની મ્યુનીસીપાલીટીના પ્રમુખ બન્યા અને ૧૯૨૮ સુધી એ હોદ્દાપર રહ્યા બાદ બારડોલીની લડતે તેમનો વખત લીધો.

૧૯૨૨માં જો લડત બરોબર ચાલી હોત તો સ્વરાજ્ય પ્રાપ્તિને માટે એ રણભુમી થઇ પડી હોત. પરંતુ ૧૯૨૮માં બારડોલી તાલુકામાં જમીન મહેસુલ વધારવાનો હુકમ રદ કરાવવા થએલા સત્યાગ્રહે એ ભુમીને ઐતિહાસિક બનાવી દીધી. આખી લડતનું મધ્ય બીંદુ વલ્લભભાઈના વ્યકિતત્વપર રહ્યું હતું.

લડત શરૂ કરતાં તેમને સંકોચ થતો હતો પરંતુ એક વાર નિશ્ચય કર્યા પછી તેમણે પ્રજાને અને પોતાની જાતને કસોટીપર ચઢાવી. સત્ય અને અહીંસાના માર્ગે તેમણે વિજય પ્રાપ્ત કર્યો. ગુજરાતના નેતા તરીકે અને તેની પ્રજાકીય હીલચાલના મુખ્ય વ્યવસ્થાપક તરીકે તેમણે એટલી નામના મેળવી કે શ્રીનીવાસ શાસ્ત્રી જેવા જે ગાંધીજીની રીતમાં માનતા નહિ હતા તેમણે પણ બારડોલીની લડતના વીજયપર ગાંધીજીને અભિનંદનનો પત્ર લખતાં જણાવ્યું કે, "વલ્લભભાઇ સૌથી શ્રેષ્ટ દરજ્જે ચઢયા છે. હું તેમને આદરથી વંદન કરૂં છું." બારડોલીમાં વલ્લભભાઇને હીંદના સરદારનો ઇલ્કાબ મળ્યો અને અંત લગી તે સરદાર રહ્યા.

## તેનો બદલો

તેનો તેમને બદલો મળ્યો. પહેલી સત્યાગ્રહની લડતમાં હીંદમાં સૌથી પહેલા સરકારે તેમને પકડી લીધા. એ દીવસ ૧૯૩૦ના માર્ચની તા. ૮મીનો હતો. રાસમાં તેમની ધરપકડ થઇ, ગાંધીજી હજુ તો તઇયારીઓ કરી રહ્યા હતા તેટલામાં સરકારને સરદારની બ્હીક લાગી ગઇ. ત્રણ મહિના બાદ તેમને છોડવામાં આવ્યા. કોંગ્રેસના કામ ચલાઉ પ્રમુખ તેમને નીમવામાં આવ્યા. તેમણે લડતને જોર આપ્યું અને ફરી ગીરફતાર થયા. ૧૧ માસમાં તેમને ત્રણ વખત પકડવામાં આવ્યા.

૧૯૩૨ થી ૧૯૪૫ સુધીમાં તેઓ વખતોવખત પકડાઇ જેલ ગયા હતા. સૌથી લાંબી મુદતની ગીરફતારી ૧૯૪૨ના ઓગસ્ટની તા. ૯મીના "હીંદ છોડો"ની લડત વખતે થઇ હતી જ્યારે ૧૯૪૫ના જુનની તા. ૧૫મી સુધી તમને અહમદનગરના કીલ્લામાં પુરી રાખવામાં આવ્યા હતા.

બારડોલી સત્યાગ્રહ વખતે સરદારે "તાજ વગરના રાજા"નું માન મેળવ્યા બાદ તેઓ હીંદના રાજકારણમાં અગ્રગણ્ય સ્થાન ધરાવતા થયા. ૧૯૩૧માં વર્કીંગ કમીટીએ તેમને કોંગ્રેસના પ્રમુખ ચુંટયા

અમદાવાદની કોંગ્રેસની સન્માનકારી સમીતીના પ્રમુખ તરીકે તેમણે કોંગ્રેસનું સ્વરૂપ બદલી નાખ્યું. ડેલીગેટોને માટે ખુરશી ટેબલો કાઢી નાખી જમીનપર બેઠકો કરી. ખાદીના તંબુઓ બનાવ્યા અને કોંગ્રેસમાં હીંદી ભાષાનો ઉપયોગ કરવાનું ઠરાવ્યું.

કરાંચીની કોંગ્રેસના પ્રમુખ તરીકે ગાંધી અરવીન કરારનો તેમણે બચાવ કર્યો.

૧૯૩૫ અને ૧૯૪૦ના વચગાળામાં જ્યારે કોંગ્રેસે સામાન્ય ચુંટણીમાં હોદા માટે હરીફાઇઓ કરી ત્યા પાર્લામેન્ટરી સભ કમીટીના પ્રમુખ તરીકે અને વર્કીંગ કમીટીના અગ્રગણ્ય સભ્ય તરીકે સરદારે મહત્વનો ભાગ ભજવ્યો હતો. તેમણે પોતે કશો હોદો લીધો નહિ હતો છતાં કોંગ્રેસ સંસ્થાપર કોઇ પણ હોદો ધરાવનાર કરતાં તેમનો વધારે કાબુ હતો. પ્રધાનો સહીત બધાને તેમના તરફ નજર કરવી પડતી હતી "હાઇ કમાન્ડ" તરીકે તેઓ ગણાતા હતા. પરંતુ ૧૯૪૬માં પહેલી ઇન્ટેરીમ સરકાર સ્થપાઇ ત્યારે તેમને હોદો લેવો પડયો. તેઓ હીંદના ગ્રહ મંત્રી બન્યા. ૧૯૪૭માં તેઓ હીંદના પહેલા નાયબ વડા પ્રધાન બન્યા અને રજવાડાઓનું ખાતું પણ તેમના હાથમાં મુકાયું. ૧૯૪૬ અને ૧૯૪૭ના વર્ષો રાજ સત્તા હીંદના હાથમાં ફેરબદલ થવાના અને હીંદના ભાગલા પડવાના કારણે કટોકટીના હતાં. શાંતી જોખમમાં આવી પડી હતી. સર્વત્ર ગભરાટ ફેલાઇ ગયો હતો. પરંતુ કાયદો અને સુવ્યવસ્થાનું ખાતું સરદારના હાથમાં હતું તેથી દેશને રાહત હતી.

રજવાડાઓનો સવાલ ઘણોજ ગુંચવણ ભરેલો હતો, કેમકે હીંદ છોડી જવા સાથે બ્રીટીશ સરકાર ૪૦૦ છુટાં રાજ્યો મુકી ગઇ હતી કે જેથી તેની મારફતે તે હીંદ પર પોતાની વગ ચલાવી શકે. એવી કફોડી સ્થિતિમાંથી સરદારે જે ત્વરાથી અને જે કુનેહથી રજવાડાઓનું હીંદ સાથે જોડાણ કર્યું એવું ઇતિહાસમાં અગાઉ કદી જાણવામાં આવેલું નથી. તેમનો મુખ્ય કોયડો હૈદ્રાબાદ હતો, ધીરજ દુરંદેશી અને અડગ નિશ્ચયથી તેમણે કામ લીધું. હીંદના રજવાડાઓ ખતમ કરવાનું કામ એ સૌથી મુશ્કેલ અને અટપટું હતું અને અજોડ રીતે એ તેઓએ એકલાએ સીદ્ધ કર્યું. કાશમીરના સવાલમાં વડા પ્રધાનને તેમનો મજબુત ટેકો હતો. હીંદનો નકશો નવો ઘડવાનું કોઇના કરતાં વધુ માન સરદારને જ ઘટે છે. પોતાની સરહદની અંદર શાંતી ધરાવતું અને સરહદની બહાર શાંતીનો આદર્શ પોષતું એક મજબુત અને સંગઠીત હીંદ પોતાની પાછળ મુકી જવાને સરદાર પોતાની નાદુરસ્ત તબીયત છતાં મહાન મુશ્કેલીઓને વટાવી અડગ વીશ્વાસથી લડી રહ્યા હતા. હમણા હમણાંમાં તેમનાં સઘળાં ભાષણોમાં તેઓ હીંદની પ્રજાને પોતાની જવાબદારીઓ અને ફરજો વીગે બાર પુર્વક સમજાવી રહ્યા હતા.

એ મહાન હેતુ સિદ્ધ કરવા આપણે સૌ સંગઠીત થઇ દ્રઢતા પુર્વક કાર્ય કરવાનો સંકલ્પ કરીએ એ કરતાં વીશેષ સંતોષ અને શાંતી એ મહાન સદ્ગત આત્માને બીજા કશાથી નહિં થાય. પ્રભુ આપણને સૌને એ સદ્બુદ્ધિ અને શક્તિ આપો. અને સદ્ગત આત્માને ચિરશાંતી આપો.

# હિંદનો પત્ર

( અમારા ખાસ ખબરપત્રી તરફથી )

વડોદરા, ડીસેમ્બર તા. ૯, ૧૯૫૦.

## જગત અને હીંદ

વડા પ્રધાન શ્રી. જવાહરલાલ નેહરૂએ સંસદ (પાર્લામેન્ટ)માં હીંદની વીદેશ નીતી વીષે વિવેચન કરતાં જગત ની આજની પરિસ્થિતિ વીષે કહ્યું: "આ માટે મારી પાસે કોઇ સહેલો ઉપાય નથી. ત્રીજા વીશ્વ સંગ્રામના ઝઝુમતા ભયને ટાળવા બધું જ કરી છુટવાની આપણી ફરજ છે. મને નીઃશંક ખાતરી છે કે વીશ્વના કોઇ પણ દેશની પ્રજા કે સરકાર યુદ્ધ નથી જ ચાહતી અને શાંતી માટે સૌ કોઇ આતુર છે. છતાં જેને ટાળવા આપણે મથી રહ્યા છીએ તે તરફ જ આપણે ધસડાઇ રહ્યા છીએ આપણે અને વીશ્વનાં તમામ લોક જો ભારે પુરૂષાર્થ ખેડીએ તો એ નીવારી શકાય એમ છે, એવું મારૂં માનવું છે." કોરીયા વિષે: 'મેં માર્શલ સ્ટાલીન તથા મી. એચેસનને વીનંતી કરી, તે સફળ નીવડી નહીં. દક્ષિણ કોરીયા છતાયા પછી આપણા ચીનનાં એલચી મારફતે જાણવા મળેલા ચીન સરકાર ના વીચારો મેં અમેરીકા તથા બ્રીટન ની સરકારને જણાવ્યા હતા, કે જો ૩૮ મી અક્ષાંશ રેખા ઓળંગવામાં આવશે તો ચીન સરકાર તે કદાપિ સાંખી લેશે નહીં. હવે અમે (હીંદની સરકારે) રાખેલું વલણ આ પ્રમાણે છે: (૧) સંયુકત રાષ્ટ્રસંઘમાં એક પ્રજાને વખોડી કાઢતા ઠરાવ વિધિસર પસાર કરાય તો ઘણું નુકસાન થશે. (૨) પ્રમુખ ટ્રુમેનને મળવા જવના મી. એટલીના નીર્ણયને હીંદ આવકાર આપે છે. (૩) કોરીયાના પ્રશ્નનો ઉકેલ ચીનની પ્રજાના સહકારથી અથવા કમ માં કમ તેમની સંમતિથીજ કરી શકાશે. આ કારણેજ અમને લાગ્યું કે ચીનને સંયુકત રાષ્ટ્રસંઘમાં સ્થાન અપાવું જોઇએ. (૪) અણુબોંબ ત્રાસ જનક અને સંહારકારી છે, એટલું જ નહીં પણ એ આસુરી તત્વનું પ્રતીક બન્યો છે. હું નમ્રપણે આશા રાખું છું કે હવે પછી અણુબોંબ વાપરવાનો કોઇજ પ્રશ્ન નહીં ઉઠાવાય."

### હીંદ અને નેપાળ

આ વીષે વડા પ્રધાને જણાવ્યું: "અમે આ દેશ (નેપાળ) સાથે જુની મૈત્રી ચાલુ રાખવા માગીએ છીએ, એટલું જ નહીં પણ એ મૈત્રીને વધુ સંગીન ધોરણ પર મુકવા માગીએ છીએ. અમે નેપાળના સ્વાતંત્ર્યનો સ્વીકાર કરીએ છીએ, એટલુંજ નહિં પણ તે બળવાન, પ્રગતિશીલ રાષ્ટ્ર બને એ જોવા માગીએ છીએ. બ્રીટીશ સરકાર કરતાં પણ અમે આગળ ગયા; એટલે કે નેપાળ બહારના બીજા દેશો સાથે સીધા સંબંધો બાંધવા લાગ્યું. છતાં કોઇ વીદેશની દખલ ત્યાં થાય એ આપણે ઇચ્છતા નથી. ભારત કે તીબેટમાંથી પસાર થયા વીના કોઇ નેપાળમાં જઇ શકે નહીં. તેની સાથે બીજા કોઇ દેશના સંબંધો આપણા જેટલા ગાઢ બની શકે નહીં. પ્રત્યેક દેશે નેપાળ સાથેના આપણા આ ભૌગોલીક, સાંસ્કૃતિક અને અન્ય પ્રકારના સંબંધોનો સ્વીકાર કરવો જોઇએ. ત્રણ વર્ષ અગાઉ આપણે નેપાળને ખાતરી આપી હતી કે નેપાળ વધુ મજબુત ને સ્વતંત્ર રાષ્ટ્ર બનવું જોઇએ; સાથે સાથે ભારપુર્વક એમ પણ જણાવ્યું હતું કે એ પ્રગતિશીલ રાષ્ટ્ર બનવું જોઇએ. કમનસીબે આપણી મૈત્રી ભરી સલાહનું ખાસ પરિણામ આવ્યું નહી. આપણે અનાદિકાળથી હીમાલયની જે ઉત્તમ સરહદ ધરાવીએ છીએ તે નેપાળની આ બાજુ નહીં પણ બીજી બાજુ પથરાયેલી છે. એ સરહદ ઓળંગીને કોઇ પણ આવે તો તે આ પણે સાંખી લેનાર નથી. નેપાળમાં એક નવીજ પરિસ્થિતિ પેદા થઇ છે, અને નેપાળના રાજા હાલ દીલ્હીમાં છે. નેપાળના બે પ્રધાનો, જે દીલ્હી આવ્યા છે, તેમની સાથે ભારત સરકાર ની જે વાટાઘાટો ચાલી રહી છે તેનું હજુ સુધી કંઇ પરિણામ આવ્યું નથી. નેપાળના રાજા જેઓ હાલ દીલ્હીમાં છે, તેમને માન્ય રાંખવાનું ભારત સરકારે ચાલુ રાખ્યું છે ને ચાલુ રાખશે."

### શ્રી. અરવિંદને અંજલી

શ્રી. અરવીંદને અંજલી આપતાં રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે કહ્યું: "તેઓ જે સંદેશો મુકી ગયા છે, અને તેમણે આધ્યાત્મિકતાની જે સુગંધ ફેલાવી છે તે આ દેશમાંજ નહીં પણ સમગ્ર જગતમાં હવે પછી જન્મનારી અનેક પેઢીઓને પ્રેરણા આપ્યાં કરશે." જવાહરલાલજીએ કહ્યું: "આ જમાનાના એક મોટામાં મોટા વિચારક ચાલ્યા ગયા છે." સરદાર પટેલે કહ્યું: "તેઓ નીર્ભય દેશભકત, અને સ્વતંત્રતાના શુરા ને હીંમતવાન સુભટ હોઇ તેમણે દેશને પોતાની જુવાનીનો ઉત્તમ ભાગ અર્પણ કર્યો હતો તેમના મૃત્યુ થી ભારતે એક શુરા ને સુપ્રસિદ્ધ સુપુત્ર, અને આત્મવાદી જગતે સુવિખ્યાત ને સિદ્ધિ પામેલા યોગી ગુમાવ્યા છે."

### સંસદમાં પ્રશ્નોત્તર

સંસદમાં સરકારે આપેલી કેટલીક અગત્યની માહિતી આ પ્રમાણે છે: (૧) રેફ્રીજરેટરો તેમજ એર-કંડીશનીંગ માટેનાં રૂા. ૨,૬૯,૨૬૯ નાં સાધનોની વીદેશમાંથી ખરીદી કરવા માટે ભારત સરકારે વ્યવસ્થા કરી છે. ઉનાળામાં પાટનગર દીલ્હી ખાતેથી સીમલા મુકામ નહીં બદલવાનો હીંદ સરકારે નીર્ણય કર્યો હોવાથી, હવા ઠંડી કરવા માટેનાં સાધનો જરૂરી છે. સીમલાના વસવાટ માટે દર વરસે રૂા. ૩૦ લાખનો ખર્ચ થતો હતો. (૨) ૧૧૩ રેલવે સ્ટેશનો ને વીજળીની રોશની પુરી પાડવામાં આવી છે. ૧૯૫૦ના માર્ચ સુધી લોકોને અનુકુળ સગવડો, મનોરંજન વગેરે માટે 'સુધારા ભંડોળ'માંથી રૂા. ૧ કરોડ ૨૬ લાખ ખરચાયા હતા. ત્યારબાદ, સુધારા ભંડોળ નાબુદ કરાતાં, રૂા. ૮૦ લાખ ૫૭ હજાર 'વીકાસ ભંડોળ'માંથી સપટેમ્બર સુધીમાં ખરચાયા છે. (૩) કુર્મના બંધારણી ઘડતરમાં કશો પણ ફેરફાર કરવા માટે અત્યારનો સમય અનુકુળ નથી. તેનું એક કારણ એ છે કે હાલની ધારા સભાના સભ્યો વચ્ચે તીવ્ર મતભેદો પ્રવર્તે છે. (૪) સરકારે ૧૦ ટકા આયાત વેપાર, વેપારમાં નવા જોડાનાર માટે અનામત રાખ્યો છે. (૫) વડોદરાના મહારાજાએ વડોદરા વીદ્યાપીઠના હિતાર્થે અને ગ્રામોન્નતિ અર્થે એક એક કરોડ રૂપીયાનાં એમ બે જાહેર ટ્રસ્ટો ઉભાં કર્યાં છે. આ અંગે ભારત સરકારની સલાહ લેવાતાં તેણે સંમતિ આપી હતી. આ ટ્રસ્ટો મહારાજાની અંગત મીલકતમાંથી ઉભાં કરાયાં છે. (૬) ભારત–પાકીસ્તાન સરહદ પરના સુઇગામ (બનાસકાંઠા જીલ્લો, ઉત્તર ગુજરાત) વીભાગમાં દાણચોરી અટકાવવા માટે રાતને સમયે ચોકી પહેરા માટે પુરતી વ્યવસ્થા છે. (૭) ભારત ની સ્ટર્લીંગ પુરાંતમાંથી ૧૯૫૧ની ૧લી જુલાઇથી ૭ વરસ સુધી દર વરસે ભારત માટે સાડા ત્રણ કરોડ પાઉંડ છુટા કરવા માટે ભારત અને બ્રીટન વચ્ચે વ્યવસ્થા કરાઇ છે.

### હીંદ અને સીકીમ

હીમાલયની ગોદમાં આવેલા નાનકડા સીકીમ રાજ્ય અને ભારત વચ્ચે નવો કરાર થયો છે. તે અનુસાર સીકીમ અંતરીક બાબતોમાં સ્વશાસન ભોગવશે; અને તેનાં સંરક્ષણ અને પ્રાદેશિક અખંડિતતાની જવાબદારી ભારત સરકાર લેશે. આંતરરાષ્ટ્રીય બાબતો પ્રત્વે પણ ભારત સરકારનુ સંચાલન અને નીયમન રહેશે. ભારત અને સીકીમ વચ્ચેનો વેપાર મુકત રહેશે, ને તેના પર આયાત કે જકાત લેવાશે નહીં. સંદેશ વહેવાર ખાતું સંપુર્ણપણે ભારત સરકારને હસ્તક રહેશે. ભારત સરકારે સીકીમને વાર્ષિક ત્રણ લાખ રૂપીયા આપવાનું નકકી કર્યું છે. ભારત સરકારને સીકીમમાં પોતાનો પ્રતિનીધી રાખવાની સત્તા રહેશે.

### સૌરાષ્ટ્રના ખેડુતો

મોરબી મહાલના એક ગામડામાં મળેલા સંમેલનમાં સૌરાષ્ટ્રના વડા પ્રધાન શ્રી. ઢેબરે કહ્યું: "આજે ખેડુત અને ગિરાસદારોના પ્રશ્ને સરકાર સમક્ષ એક મોટી સમસ્યા ને મુંઝવણ ઉભી કરી છે. સરકાર સહુ વર્ગની છે. કોઇ પણ સરકાર કોઇ પણ વર્ગ કે સમાજના શોષણ ઉપર નભી શકે જં નહીં. આજના વીકટ પ્રશ્ન ઘર ખેડ પંચને સોંપાયો છે, અને એનો નીર્ણય આવે ત્યાં સુધી સહુએ ધીરજ ધરવી રહી. હવે તો ખેડુતોએ ખેતી ની સુધારણા અને દેશની સમૃદ્ધિમાં પોતાનો ફાળો આપવાનો છે. કોંગ્રેસે સ્વીકારેલો "ખેડે તેની જમીન" એ સિદ્ધાંત અફર છે. આજે આપણો સૌરાષ્ટ્રનો ખેડુત સમૃદ્ધ અને દેશના ખેડુતોની બરોબરી કરી શકે તેવો હોવો જોઇએ, એવું આપણું સ્વપ્ન છે. ગુજરાતના એક ખેડુત ભારત સરકાર ના નાયબ વડા પ્રધાન છે. આ દેશ ની જમીનનો ટુકડે ટુકડો ખેડુતની માલીકીનો છે. એમના હક પર કોઇ તરાપ મારી શકે નહીં. આપણે આપણી ખેતીના વીકાસ માટે અનેક નદી ઓનાં પાણી વાળવાની યોજના કરી છે. કેટલાક કોંગ્રેસ જનોમાં કંઇ દુષણ હશે તે હું સ્વીકારૂં છું. પણ તેથી આખી કોંગ્રેસને વગોવવાથી દેશનો કંઇ જય વારો થવાનો નથી. દેશમાં કોંગ્રેસ નહીં હોય ત્યારે દેશ સ્વતંત્ર નહીં હોય. જે દિ આ દેશમાંથી કોંગ્રેસનું દફન થશે તે દીવસે કફન પણ મળવું મુશ્કેલ થઇ પડશે."

### આદિવાસીઓની ઉન્નતી

મુંબઇના એક પાર્લામેન્ટરી મંત્રી શ્રી. વાંદરેકરે આ રાજ્યમાં આદીવાસી ઓની ઉન્નતી માટે ચાલતા કામનો હેવાલ આપતાં જણાવ્યું કે "જંગલમાં કામ કરતા અભણ મજુરોના કાયદેસર ના અધિકારો ઝુંટવી લઇ હાલ સુધી તેમનું ક્રુરપણે શોષણ ચલાવતા જંગલ કંટ્રાકટરને ભુંસી નાખવાની અને જંગલના મજુરોની સહકારી મંડળી ઓની રચનાને વેગ આપવાની સરકાર ની સુનિશ્ચત નીતી છે. ૧૯૪૭–૪૮ માં આવી ૧૬ સહકારી મંડળીઓને રૂા. ૧,૮૭,૦૦૦ની કીંમતના લગભગ ૨૦ જંગલ વીભાગોનું કામ આપીને આ દીશામાં સરકારી પ્રયાસોનું મંગળા ચરણ થયું હતું. હવે આ મંડળીઓની સંખ્યા વધીને ૭૮ થઇ છે, અને તેમને રૂા. ૨૧॥ લાખની કીંમતના ૧૨૬ જંગલ વીભાગોનું કામ આપવામાં આવ્યું છે.

# મહાયોગી શ્રી. અરવીંદ અને તેમનો આશ્રમ

સ્વર્ગસ્થ શ્રી. અરવીંદ વિષે ગયા અંકમાં અમે લખી ગયા છીએ. લીવીંગ્સટન, (નોર્થ રોડેસીયા)થી શ્રી. માણુભાઇ ગોવીંદજી પટેલ તરફથી કેટલીક વધુ જાણુવાજેવી વિગતો મળી છે તેમાંથી કેટલુંક અહિ આપીએ છીએ.

શ્રી. અરવીંદે પોતાના પત્નિ શ્રી. મૃણાલીની દેવીને એક પત્રમાં લખ્યું હતું કે "તેં એવા માણુસ સાથે વિવાહ કર્યો છે જેને દુનીયા કદાચ ગાંડો કહેશે. જો આવો પાગલ માણુસ એના તરંગી ખ્યાલોમાં સફળ થાય તો દુનીયા તેને મહાન દાર્શનિક મહાત્મા કહે."

વળી બીજા પત્રમાં લખે છે કે:

"હું જાણું છું કે આ પતિત દેશનો ઉદ્ધાર કરવાનું બળ મારામાં છે. શારીરીક બળ નહિ પણ જ્ઞાનનું બળ. ક્ષાત્ર તેજ એજ કંઇ એકમાત્ર તેજ નથી. બ્રહ્મ તેજ પણ છે. એ તેજ જ્ઞાન ઉપર પ્રતિષ્ઠિત છે. મારી આ ભાવના આજ કાલની નથી પણ .એ ભાવના લઇને હું જનમ્યો/ છું. મારા અણુંએ અણુંમાં એ ભાવના ઓતપ્રોત છે. આ મહાધ્યેય - સિદ્ધ કરવાને ભગવાને મને આ પૃથ્વી ઉપર મોકલ્યો છે."

- આટલી બધી દ્રઢતાથી વાત બીજું કોણુ કરી શકવાનું હતું? જેને પ્રભુએ હાથોહાથ કાર્ય સોંપેલુ હોય તેને જ યોગી કહી શકાય.

શ્રી. અર્વીંદ ઘોષના ૭૮.માં જન્મ દિને પશ્ચિમ બંગાળની સરકારને અલીપુર કોર્ટમાં મુકવાને શ્રી. અર્વીંદ નું પુતળું ભેટ આપવામાં-આવ્યું હતું. શ્રી. અરવીંદને જ્યાં કેદી તરીકે રાખવા માં આવ્યા હતા ત્યાં એક આરસ-પહાણુની તકતી મુકવામાં આવી છે.

અલીપોર જેલમાં ગયા કે એમની સાધનામાં ક્રાંતિકારક પલટાઓ થયા જે બધા વાત એક વર્ષ પછી, એટલે, ઈ. સ. ૧૯૦૯ માં જ્યારે તેમને છોડવામાં આવ્યા ત્યારે ઉત્તરપાડાના પ્રખ્યાત વ્યાખ્યાનમાં તેમણે સ્વમુખે કહી હતી તે નોંધવા યોગ્ય છે.

"મારી ધરપકડ કરવામાં આવી ત્યારે ઘડીભર મારી શ્રદ્ધા ડગમગી ગઇ હતી અને આ ઘટના પાછળ પ્રભુનો હેતુ શો હશે તે હું સમજી શકયો ન હતો. મને એકાદ માસ સુધી બંધ ખોલીમાં રાખવામાં આવ્યો અને રાત-દિવસ પ્રભુના અવાજની પ્રતિક્ષા કરતો રહ્યો. એ એકાંતવાસમાં મને પ્રથમ વાર પ્રભુનો સાક્ષાત્કાર થયો. મને લાગ્યું કે પ્રભુ પાછા મને કહી રહ્યા છે: "મારે તારી પાસે બીજું કાર્ય કરાવવાનું છે અને તેથી હું તને અહીં લાવ્યો છું." આમ કહી મારા હાથમાં ગીતા મુકી. ગીતાની સાધના કરવા લાગ્યો. મેં ફરવાનું શરૂ કર્યું ત્યારે વળી પ્રભુની શક્તિએ મારામાં પ્રવેશ કર્યો અને ચારે બાજુ દિવાલો હતી તે ફકત દિવાલો નહિ પણ વાસુ દેવજ મને ઘેરીને ઉભા છે એમ લાગ્યું. અને પછી ઝાડમાં, સળીઆમાં બધેજ વાસુદેવજ દેખાવા લાગ્યા.

"પછી મને મેજીસ્ટ્રેટ આગળ રજુ કરવામાં આવ્યો ત્યારે પણ એજ આંતરદર્શન મારામાં ચાલુ રહ્યું. પ્રભુ કહેવા લાગ્યા: "સર્વ મનુષ્યોમાં તેમના વચન અને કર્મ ઉપર મારી આણુ પ્રવર્તે છે. તારે ભયનું કારણુ નથી. હું તારાપર કેસ ચલાવવા માટે અહીં નથી લાવ્યો, પણ લાવવા નો એક બીજોજ હેતુ છે."

શ્રી. અરવીંદે આગળ કહ્યું.

"પછી બંધ ખોલીમાં જે બન્યું તે કહેવાની મને આજ્ઞા નથી. માત્ર એટલુંજ કહી શકું કે દિનપ્રતિદિન પ્રભુ મને પોતાના અદભૂત રાહો બતાવવા લાગ્યા. મારા દેહમાં હીંદુ ધર્મના સત્યોનો સાક્ષાત્કાર થવા લાગ્યો—જે વિષે પહેલાં મારામાં અનેક શંકાઓ હતી—એ સત્યો જીવતા અનુભવો બની ગયા. મારી સમક્ષ એવી એવી વસ્તુઓ પ્રગટ થઇ જેના ખુલાસા કોઇ ભૌતિક વિદ્યા આપી શકે તેમ ન હતું.

"તે પછી બે સંદેશા મળ્યા, પહેલો સંદેશ આ પ્રમાણે આવ્યો: દેશ ખાતર દુઃખ વેઠવામાંજ તારૂં જીવન પસાર કરવું પડે એમ ઇચ્છતો નથી. તને કર્મની પ્રેરણા મેંજ આપી છે. તું જગતમાં જા અને મારૂં કાર્ય કર. એ મારો આદેશ છે"

બીજો સંદેશ:—

"આ એકાદ વર્ષના એકાંતવાસમાં કેટલીક વસ્તુઓ બતાવી છે. હીંદુ ધર્મનું રહસ્ય સમજાવ્યું છે. તું અહી થી બહાર જાય ત્યારે તારા દેશને હમેશાં આ સંદેશો આપતો રહેજે કે ભારતની પ્રજાનું જે ઉત્થાન થવા માંડયું છે, તે સનાતન ધર્મના અર્થે છે—જગતના અર્થે છે. હું હીંદની પ્રજાને સ્વતંત્રતા આપું છું તે પણ જગતની સેવા માટેજ છે."

હમણા છેલ્લે છેલ્લે કોઇ પણ દેશ કરતાં **ભારતે** આંતરરાષ્ટ્રિય બાબત માં વધુ ભાગ ભજવ્યો છે અને જગતમાં શાંતિ સ્થાપવાનાં કાર્યમાં પહેલ કરી છે.

ઇ. સ. ૧૯૧૦ માં શ્રી. અરવીંદ જાહેર જીવન જીવવા લાગ્યા.

હીંદની સ્વતંત્રતા હવે ચિન્તાનો વિષય ન હતો અને એમની સાધના માં હીંદનું ભાવિ દર્શન વધુને વધુ સ્પષ્ટ થવા લાગ્યું. એમણે જોયું કે એક દિવસ હીંદને જરૂર સ્વરાજ મળશે અને "અહીંસા"થી સ્વરાજ મળનાર છે એમ લાગવાથી શ્રી. અરવીંદે પોતાની જાતને હીંદના રાજકરણમાંથી ખેંચી લીધી.

પહેલાં ચંદ્રનગરમાં સાધના કરી હતી. વડોદરામાં યોગનું કાર્ય આરંભેલું તેજ કાર્ય તેમને પોંડીચેરી લઇ ગયું.

તા. ૨૪-૧૧-૧૯૨૬ ના એમને સીદ્ધિ-મળી અને ત્યારથીજ તેમના આશ્રમનો જન્મ શરૂ થયો આમ કહી એ તો ખોટું નથી. કારણુ કે પહેલાં પણ સાધકો એમની સાથે રહેતા હતા પણ વ્યવસ્થિત યોગની તાલીમ સિદ્ધિ મળ્યા પછીજ આપવાની શરૂ કરી.

શ્રી. અરવીંદે મોટા ભાગની કવિતા અંગ્રેજીમાં લખી છે. એમણે સંસ્કૃતને પણ કવીતામાં સ્થાન આપ્યું છે. "સાવિત્રી" નામની અંગ્રેજી કવીતા લખી છે તે હજી પ્રસિદ્ધ થઇ નથી, તેમાંનો એક ભાગ હીંદીમાં ભજવવામાં આવ્યો હતો. છઠા વાર્ષીક ઉત્સવમાં તા. ૧-૧૨-૪૯ તે હોશિઆરીથી બળપુર્વક ભજવવામાં આવ્યો હતો. શ્રી. સુંદરમે "સાવિત્રી"નો અનુવાદ ગુજરાતીમાં પણ કર્યો છે.

'આશ્રમના જન્મની સાથે શ્રી. માતાજીના નામનું પણ સ્મરણુ કરવું ઘટે. શ્રી. માતાજી એક ફ્રેંચ સન્નારી છે. પહેલાં એમણે ફ્રાંસ, ઉત્તર આ-ફ્રીકા, અને જાપાનમાં યોગસાધના કરી હતી. અને જાપાનની રોજનીશી માં જણાવ્યા પ્રમાણે ઇશ્વરી આદેશ અનુસાર શ્રી. અરવીંદ પાસે આવ્યાં હતાં. એમનો યોગાનુભવ શ્રી. અરવીંદ ની સાધનામાં વધુ મદદગાર થઈ પડયો. ટુંકમાં બન્નેએ મળીને વીકસાવેલા યોગને શ્રી. અરવીંદનો યોગ કહે છે.

એમને માતાજી એટલા માટે કહેવામાં આવે છે કારણુ કે એમને સાક્ષાત કાળીકા માતાના દર્શન થયાં હતાં. શ્રી. માતાજી સાધકો માટે માતા સ્વરૂપ છે. આશ્રમ થયા બાદ સઘળો વહેવાર શ્રી માતાજી કરતાં અને શ્રી. અરવીંદ બાહ્ય નિવૃતિમાં ચાલ્યા ગયા.

શ્રી. માતાજી "સુપ્રિમ મિસ્ટરી" માં લખે છે કે "આજ દીન સુધી દરેક માણુસે પોતાના મોક્ષ માટેજ મહેનત કરેલી છે. અમારો યોગ એવા પ્રકારનો છે કે જેનાથી બીજાને પણુ મોક્ષ આપી શકાશે.

શ્રી. માતાજીને ઇ. સ. ૧૯૧૯ માં વીગ્રહને કારણે ફ્રાંસ જવું પડલું પણ એઓ પાછાં આવ્યાં હતાં. ત્યારના હજી પોંડીચેરીમાંજ છે

આશ્રમ એ કોઇ મંડળી નથી અગર ધર્મને લગતો દેહ પણ નથી. પણ જ્યાં સાધક રહી શકે, ખાઇ શકે અને યોગની તાલીમ મેળવે એનુંજ નામ આશ્રમ છે. આશ્રમ શ્રી. અરવીંદ ના અગર શ્રી. માતાજીના હસ્તક છે. સાધકોનો એમાં કાંઇ ખર્ચ હોતો નથી. સાધકો જે પૈસા શ્રી. અરવીંદ ને આપે છે તે શ્રી. અરવીંદના કહેવાય છે અગર શ્રી. માતાજીના.

અત્યારે આશ્રમમાં ૭૦૦-૮૦૦ સાધકો-સધિકાઓ છે. ત્યાં માંસાહાર ને સ્થાન નથી.

અધરૂં

---

—કેપટાઉનના રા. ભાણાભાઇ કાલા-ણુજી પોતાના નવાં ઘરે રહેવા ગયા હોવાથી તે પ્રસંગે યજ્ઞ અને કથા વાંચન કરાવી જુદી જુદી સંસ્થાઓને દાન કર્યું હતું.

---

## ધી સુરત હિંદુ એસોસીએશન

ધર્મશાળા ૧૫ બોન્ડ સ્ટ્રીટ, ડરબન.

આથી યુનીયનમાં વસતા દરેક હીંદુ ભાઇઓને ખબર આપવામાં આવે છે કે દેશથી આવતા જતા ભાઇઓ માટે ઉપરોકત સંસ્થા તરફથી રહેવાની સગ વડ રાખવામાં આવેલી છે. આસા છે કે તેનો લાભ સઘળા ભાઇઓ લેશે.

ગોવનભાઇ મણીભાઈ
પ્રમુખ.

દયાળભાઇ છીબાભાઈ
સેક્રેટરી.

શ્રી. સુ. હિં. એસોસીએશન.


કન્ટ્રીના ગ્રાહકો:—

ગુજરાતી પ્રેસના પંચાગ
શી. ૫-૦

એડ્રેસ: ૧૧૦ વિકટોરીયા સ્ટ્રીટ, ડરબન ફોન: ૨૪૮૪૫

| | | | |
|---|---|---|---|
| તુવેર...શી. ૧-૩ રતલ | તુવેર ની દાળ નં ૨...૧/૬ રતલ | મગ દાળ નં ૧....શી. ૨-૦ રતલ | જુવાર............. ૪ પેની રતલ |
| લાલી ચાળદ ૧ ૬ રતલ | ચણાની દાળ શી. ૨-૩ " | મગ દાળ નં ૨....શી. ૧-૬ રતલ | વરીયાળી.........શી. ૨-૬ રતલ |
| મગ......શી. ૧-૦ રતલ | વાલની દાળ....શી. ૨-૬ રતલ | ચણાનો લોટ (કાંકરી વગરનો) ૨/૬ | હીંગ...............શી. ૧-૬ રતલ |
| તુવેરની દાળ નં ૧ ૨/૩" | અળદની દાળ...શી. ૨-૩ રતલ | બાજરો...........૪ પેની રતલ | રાઈ...............શી. ૨-૧ રતલ |

**પરશુ નરસીંહ એન્ડ કુા. (પી) લીમીટેડ.**
**ડરબનની ૩૦ વર્ષની પુરાણી અને સુંપ્રસિદ્ધ દુકાન.**

જીરૂ...............શી ૨-૯ રતલ

# સરદારના પ્રેરણાત્મક વચનો

બારડોલીના સત્યાગ્રહ વખતે તેમજ અન્ય પ્રસંગોએ પ્રેરણા આપનારા સરદારે કરેલાં ભાષણોમાંથી કેટલાક ટુચકાઓ અહિ આપીએ છીએ:

...સરકાર તમને ખુબ તાવશે તમને દુ:ખ પણ આપશે પણ દુ:ખ વિના સુખ નથી. સમજીને દુ:ખ વેઠવું એ સારામાં સારો રસ્તો છે....સરકાર જપ્તીઓ કરશે જેલમાં પુરશે. પણ એ બધું મુંગે મોઢે આનંદથી સહન કરવાનું છે....તમે જાણો છો કે એક કુંભાર પણ ગધેડા ઉપર પહેલાં મણ ભાર મુકશે. જો તે ખેંચે તો અધ મણ ભાર વધારે આમ વધારતોજ જાય. સરકાર પણ તમે જેમ જેમ બોજો વધારતા જશો તેમ તેમ તે વધારતીજ જશે. અત્યાર સુધી સહન કર્યું હવે નિર્ભય થઇ બેસી જાવ પછી સરકાર જાણશે કે પ્રજા નિર્માલ્ય નથી.

* * *

...સત્તાધીશોની સત્તા તેમના મૃત્યુ સાથે જ સમાપ્ત થાય છે. જ્યારે મહાન દેશ ભકતોની સત્તા તેમના મૃત્યુ પછીથી જ ખરો અમલ ચલાવે છે. પ્રજા તેમના જીવનનું અનુકરણ કરવા પ્રયત્ન કરે છે. તેમના ગુણ ગાય છે અને અહોનિશ તેમનું સ્મરણ કરે છે....

* * *

...બ્રિટીશ ન્યાયમાં શ્રદ્ધા રાખવાથી આપણી આજે આ દશા થઇ. સાધારણ રીતે સ્વાર્થ ન હોય ત્યાં એક અંગ્રેજ અમલદાર અદલ ઇન્સાફ તોળી શકે છે તેમાં કંઇ શક નથી. પણ હીંદુસ્થાનમાં બ્રિટીશ અમલ દરમ્યાન કેટલાએ હીંદીઓ ગોરાઓને હાથે મુએલાના દાખલા છે પણ એકે એવો દાખલો નથી કે જેમાં એક દેશીનું ખુન કર્યા બદલ એક અંગ્રેજને ફાંસીને લાકડે લટકાવ્યો હોય.

* * *

...અસહકારમાં જોખમ છે એમ આપણે સાંભળીએ છીએ. જોખમ છે એ ખરી વાત પણ સ્વતંત્રતા સહેલાઈથી દુનીયામાં કયા દેશને મળી છે?...દક્ષિણ આફ્રીકામાં, પુર્વ આફ્રીકામાં તથા ફીજીમાં આપણી જે દયાજનક સ્થીતી છે તેમાં શું ફેર કરી શકીએ. ઘરમાંજ આપણું માન ન હોય તો પરદેશમાં કયાંથી હોય?...

* * *

બે ટીપા ગંગાજળ નાખવાથી ગટર પવીત્ર નહીં બને....પ્રજાની ઉન્નતીનો આધાર તેની હીંમત, તેના ચારિત્ર, અને તેની ભોગ આપવાની શકતી ઉપર રહેલો છે....

* * *

